# પ્રાંતિજમાં ઘર વપરાશના ગેસના બાટલા હોટલો અને લારીઓ પર જોવા મળતા લોકોનો આક્રોશ

પ્રાંતિજ, તા.૭

સાબરકાંઠાના પ્રાંતિજમાં ઠેર ઠેર ખુલ્લેઆમ નાની નાની ચા અને નાસ્તાની લારીઓ અને ગલ્લા પર વેપારીઓ ઘર વપરાશના ગેસના બાટલાનો ઉપયોગ કરી રહ્યા છે. પરિણામે તાલુકામાં રાંધણગેસના બાટલાની અછત ઉભી થાય છે. આથી નાગરિકો ભારે રોષે ભરાયા છે. અને તાત્કાલિક આ ઘરવપરાશના બાટલાનો ઉપયોગ કરતા વેપારીઓ પર પુરવઠા તંત્ર પગલા ભરે તેવી ઉગ્ર માંગણી કરી રહ્યા છે. મળતી માહિતી અનુસાર પ્રાંતિજ તાલુકામાં છેલ્લા ઘણા સમયથી રાંધણ ગેસના બાટલા માટે રામાયણ થાય છે. પ્રાંતિજ શહેરમાં ઠેર ઠેર નાની મોટી ચાની લારીઓ, નાસ્તાની લારીઓ અને હોટલોવાળા-ખુલ્લેઆમ રાંધણ ગેસના બાટલાનો બેફામ ઉપયોગ કરે છે. અને આ પ્રક્રિયાથી મૂળ ગ્રાહકોને રાંધણ ગેસના બાટલા માટે વલખા મારવા પડે છે અને ના છૂટકે મોંઘા ભાવે ગેસના બાટલા ખરીદવા પડે છે. આમ છતાં પુરવઠા તંત્રના અધિકારીઓ આંખ આડા કાન કરી સમગ્ર ઘટના નિહાળી રહ્યા છે અને વેપારીઓને પ્રોત્સાહન પુરું પાડે છે.

આ ગરીબ નાગરિકો ભારે મુશ્કેલીમાં મુકાયા છે. અને તંત્ર સમક્ષ ઉગ્ર રોષ વ્યકત કર્યો છે અને સત્વરે ખુલ્લે આમ રાંધણ ગેસના બાટલાનો ઉપયોગ કરતા વેપારીઓ સામે પગલા લેવાય તેવી માંગણી કરી રહ્યા છે.

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ માલધારી સેલના મહામંત્રી તરીકે ઈશ્વરભાઈ જેઠાભાઈ ખટાણા



કાંકરેજ, તા. ૭

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ માલધારી સેલના ચેરમેન શ્રી વી.વી. રબારી સાહેબની ભલામણથી કાંકરેજ તાલુકાના ખીમાણા ગામના વતની અને સનિષ્ટ કાર્યકર એવા શ્રી ઈશ્વરભાઈ જેઠાભાઈ ખટાણાની ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ માલધારી સેલના મહામંત્રી તરીકે નિમણુંક કરાતાં કાંકરેજ તેમજ ઉત્તર ગુજરાતના માલધારી સમાજ તેમજ તેમના મિત્ર વર્તુળોમાં આનંદની લાગણી ફેલાઈ હતી.

ઈશ્વરભાઈ દેસાઈ સમાજમાં પોતાનું સારૂ એવું વર્ચસ્વ ધરાવે છે અને નાગરીક સેવા શરાફી મંડળીના ચેરમેન તરીકે પોતાની સેવાઓ આપે છે. જેથી માલધારી સેલ મહામંત્રીની નિમણુંકને કાંકરેજ વિસ્તારમાં વધાવી હતી.

# પાલનપુર હિરાબજારમાં મંદીથી વેપારીઆલમ સ્તબ્ધ



પાલનપુર, તા. ૭

હિરા ઝવેરાત ક્ષેત્રે પાલનપુર વિશ્વ સ્તરે નામના ધરાવે છે. પાલનપુરના વતનીઓ પાંચ પાંચ દાયકાથી દેશની આર્થિક રાજધાની ગણાતા મુંબઈ અને ત્યાંથી વિદેશોમાં પહોંચી દુનિયા ભરમાં હિરા ક્ષેત્રે પાલનપુરનું નામ રોશન કર્યું છે.

હાલમાં હિરાના ક્ષેત્રે વિશ્વ સ્તરે અમેરિકન ડોલરની ભારે ઉથલપાથલને લીધે વ્યાપક મંદીથી પાલનપુર સહીત સુરત, મુંબઈ, સૌરાષ્ટ્ર પંથકના ઝવેરીઓ, કારખાનેદારો અને હીરાને ઘસીને પથ્થરમાંથી હિરો બનાવનારા રત્ન કલાકારોમાં ભારે આર્થિક નુકશાનીનો સામનો કરી રહ્યા છે.

પાલનપુરનું હિરા બજાર એક સમયે ૩૦૦૦ જેટલી સભ્ય સંખ્યા ધરાવતા ધી પાલનપુર ડાયમંડ એસોસીએશન બજારના સુત્રોના જણાવ્યાનુસાર હાલ માત્ર ૭૦૦ની સભ્ય સંખ્યા ઉપર છેલ્લા પાંચ આઠ વર્ષથી મંદીને લીધે પહોંચતા હિરા ક્ષેત્રે વેપારની હાલત કફોડી થઈ છે. પાલનપુર સહિત જિલ્લાના મોટાભાગના તાલુકાઓના ગ્રામ્ય વિસ્તારના અનેક યુવાનો અને છેલ્લા ૧૦ વર્ષથી વધુ સમયથી યુવતીઓ હિરાના કારખાનાઓમાં હિરાને આકાર આપ્યાનું કામ કરી જીવન નિર્વાહ ચલાહી રહ્યાં છે. આ વ્યવસાય અંગે રાજ્ય અને કેન્દ્ર સરકાર સમક્ષ વીજબીલ તથા અનેક અન્ય સમસ્યાઓ ટેક્ષ અંગે રજુઆતોનો પણ યોગ્ય રીતે સહકાર ના મળતાં નારાજગી ફેલાઈ છે. થોડાક વર્ષો અગાઉ આવેલી મહાકાય મંદીના સમયે અનેક રત્ન કલાકારોએ જીવન ટુંકાવી દેવાના અનેક બનાવો બની ચુક્યા છે. રત્ન કલાકારોએ રાજ્ય વ્યાપી મોટા મોટા આંદોલન પણ કરેલા છે અનેક લોકોને પરિવારનું ભરણ પોષણ કરવું ભારે થઈ પડેલ.

જો કે આગામી સમયમાં અમેરિકામાં યોજાનાર પ્રેસિડેન્ટ અને જનરલ ચૂંટણીઓ બાદ ડોલરની સ્થીરતા જણાવાતા આર્થિક નિતીઓ પાટે ચઢે ત્યારે હીરાના ક્ષેત્રે સ્થીરતા આવશે તેમ સુત્રો જણાવી રહ્યા છે.

હિરાનો વેપાર આંતરરાષ્ટ્રીય સ્થળે સંકળાયેલો હોવાથી વિદેશમાં હિરાની ખરીદી વેચાણનું પેમેન્ટ ડોલરથી થતુ હોવાથી લે વેચ પર અસરથી મંદીનું મોજું હાલ છવાયેલું છે.

# જાહેરનામાનો ભંગ કરી પાલનપુરમાં સાતેય દિવસ ધમધમતાં બજારો



પાલનપુર, તા.૭

આપણે સૌ સળંગ એક અઠવાડિયા સુધી આપણા ક્ષેત્રે કામ કરીએ છીએ. સરકારી, અર્ધ સરકારી અને ખાનગી ક્ષેત્રો, ફેકટરીઓ, શાળા, કોલેજો અને અન્ય કામગીરી કરતા મજુરો તેમજ કર્મચારીઓ માટે આપણા બંધારણ પ્રમાણે અઠવાડિયામાં એક રજા (હોલી ડે) કે પછી વિક એન્ડની રજા આપવામાં આવે છે, ત્યારે અહીં તો વાત કંઈક જુદી જ છે. પાલનપુરમાં આજે રવિવારે શહેરના મોટાભાગના વિસ્તારો જયાં જુઓ ત્યાં બધી જ દુકાનો ખુલ્લી જોવા મળી હતી. ગુમાસ્તાધારાના નિયમમાં ખાણી-પીણી ચા, નાસ્તાને છુટછાટ અપાઈ છે. અહીં તો કટલરીથી માંડી કાપડ, બુટ ચંપલના શો રૂમોથી માંડી કરીયાણાની દુકાનો, રેડીમેડ કપડાની દુકાનો અને જવેલર્સ સહિતની તમામ દુકાનો-શૉ રૂમો રવિવારે ખુલ્લા જ હોય છે. શહેરના કેટલાંક વિસ્તારોમાં અપવાદરૂપ અને નિયમોના આગ્રહી અથવા તો કામ કરતાં વ્યકિતઓના રજાના નિયમને લઈ મજબુરીને લઈ બંધ રાખતા હોય છે. આમેય પાલનપુર નગરપાલિકાના શાસનમાં સત્તા પર નિયમોને જાણે અભરાઈ ઉપર જ મુકાવી દીધા હોય તેમ વહીવટ ચાલતો હોવાની વાત જગ જાહેર છે. જેને મનફાવે તેમ કામગીરી કરે છે. પાલનપુર શહેરના મોટાભાગના વિસ્તારોમાં ફરીને જોઈએ તો સીટીલાઈટ સિનેમા રોડ, ગુરૂનાનક ચોક, બસ સ્ટેશન રોડ, રેલવે સ્ટેશન રોડ, સીમલા ગેટ, પૂર્વ સીટી પોલીસ સ્ટેશન સામેની દુકાનો, દિલ્હી ગેટ, ગઠામણ ગેટ, કિર્તિસ્તંભ કોઝી વિસ્તાર હાઈવેની દુકાનો શો રૂમો સહિત મોટા ભાગના વિસ્તારોમાં દુકાનો ધમધમતી જોવા મળી હતી.

# હિંમતનગરના ઢુંઢર ગામના કિશોરનું વાયરલના કારણે મોત

## જિલ્લા આરોગ્યની ટીમ સર્વેની કામે લાગી

હિંમતનગર, તા. ૭

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના ઢુંઢર ગામના એક કિશોર વાયરલના કારણે સારવાર દરમિયાન શનિવારના રોજ વહેલી સવારે અમદાવાદ ખાતે મોત નીપજયું હતું. જે અંગે જિલ્લા આરોગ્ય વિભાગને જાણ થતા ત્રણ ટીમો સર્વે માટેના કામે લાગી ગઈ હતી.

વિગત મુજબ ઢુંઢર ગામે રહેતા બાબુભાઈ ચમારના ૧૦ વર્ષીય પુત્ર મોન્ટુને ૧૦ દિવસ પહેલા બીમાર પડ્યો હતો. જેને સારવાર માટે હિંમતનગર અને ત્યાંથી અમદાવાદ ખાનગી હોસ્પિટલમાં ખસેડાયેલ હતો. જ્યાં સારવાર દરમિયાન શનિવારના રોજ સવારે મોન્ટુનું મોત નીપજ્યું હતું. આ અંગે સાબરકાંઠા જિલ્લાના આરોગ્ય અધિકારી ડૉ. મનીષ ફેનસિંહે જણાવેલ કે સારવાર કરનાર ડોકટરે જણાવેલ કે મૃત્યુ પામનાર કિશોરને વાયરલ નેગેટીવ હતો અને ફેફસામાં પાણી પણ ભરાઈ ગટેલ હતું. જેથી શનિવારના રોજ બપોરે આરોગ્ય વિભાગની ત્રણ ટીમો ઢુંઢર ગામે સર્વે અને સેમ્પલ લેવાની કામગીરી માટે મોકલી આપી હતી.

# દાંતીવાડાના આધેડને ઢોર માર મારી લૂંટવાનો નિષ્ફળ પ્રયાસ

દાંતીવાડા, તા.૭

દાંતીવાડા ગામે ખેતરમાં રખેવાળી કરવા જતા આધેડને બે અજાણ્યા યુવકોએ લૂંટ કરવાના ઈરાદો ઢોર માર મારી લૂંટનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો. આધેડ ગંભીર રીતે ઘવાતા તેમને ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર દાંતીવાડા ગામે રહેતા રત્નાજી કાનાજી રબારી ગત રોજ સાંજે ૬ વાગ્યાના અરસામાં પોતાના ઘરેથી ખેતરમાં ખેતરની રખેવાળી કરવા જઈ રહ્યા હતા તેમનું ખેતર દાંતીવાડાથી જેગોલ તરફ જવાના માર્ગ પર અડધો કિલોમીટર દૂર આવેલું છે. તેઓ પોતે ચાલતા ચાલતા પોતાના ઘરથી થોડા જ દૂર પહોંચતા માર્ગમાં બે અજાણ્યા યુવકો તેમની પાસે આવ્યા અને આધેડ પાસે પીવા માટે બીડીની માંગણી કરી હતી અને વાતો વાતોમાં ભેળવીને તેમના કાનમાં રહેલી સોનાની મરચી તેમજ હાથમાં રહેલું ચાંદીનું કડું લૂંટવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો. જેમાં રત્નાજીએ બચાવમાં તેમનો વિરોધ કરતા રત્નાજી જોડે રહેલી લાકડી લઈને તેમને માથાના અને હાથના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. આ અંગે પરિવારજનોને જાણ થતા તેમને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જો કે આ અંગે હજુ સુધી કોઈ પોલીસ ફરિયાદ નોંધાઈ નથી.

# પાલનપુર જોરાવર પેલેસનો લીલથી ભરપુર ફૂવારો રોગચાળાને આમંત્રે છે



પાલનપુર, તા. ૭

સ્વચ્છ શહેર સુંદર શહેરના સોહામણા સુત્ર આપતા પાલનપુર નગરપાલિકાના ભાજપાના શાસન વચ્ચે જિલ્લા કલેક્ટર સહીત મહત્વની તમામ કચેરીઓ કાર્યરત છે. કોર્ટ ન્યાય સંકુલ ધરાવતા જોરાવર પેલેસમાં ખુલ્લી જગ્યામાં રાજ્ય સરકાર દ્વારા સને ૨૦૦૮માં ૧૫મી ઓગષ્ટે રાજ્યકક્ષાનો સ્વાતંત્ર દિન ઉજવાયો ત્યારે અઢળક રૂપિયા વિકાસ માટે ન.મો.એ બનાસકાંઠામાં ઠાલવ્યા. તે નાણાંથી અત્રેની ખુલ્લી જમીનમાં પ્રજાજનો માટે સુંદર બગીચો અને મનમોહક ફૂવારાનું નિર્માણ કરાયું ત્યારે આજે પાંચમા વર્ષે ૨૦૧૨માં અહીંની સ્થિતિ શું છે તે જુઓ તો ખબર પડે ? ફૂવારાના ત્રણ બ્લોકમાં ભરાયેલું પાણી અને જામેલી લીલ મચ્છરોનું જન્મ સ્થળ બન્યું છે.

મેલેરિયા ડેન્ગ્યુના ઉદ્ભવ સ્થાન સમાન હાલમાં બન્યા છે. સફાઈ સ્વચ્છતા માટે લાખો રૂપિયા સરકાર ફાળવે છે ત્યારે કલેક્ટરશ્રી કે જે જિલ્લાના વડા છે. તેમના આંગણાનો બગીચો અને ફૂવારા પ્રત્યે એક નજર નાંખે તો તેમને ખબર પડે કે જે વિભાગની આ નિભાવવાની જવાબદારી છે તે માર્ગ મકાન વિભાગ કેટલી નિષ્ઠાથી ફરજ બજાવે છે. જોરાવર પેલેસના જ બગીચા અને ફૂવારાની આ હાલત હોય ફૂવારાની લાઈટો બંધ રાત્રે સુમસામ લાગતો આ ગાર્ડન જિલ્લાના આળશ તંત્રની ગવાહી આપે છે.સમગ્ર ગાર્ડનમાં ફૂવારાને લગતી લાઈટો ગાયબ છે ત્યારે જિલ્લાના અન્ય સરકારી સ્થાનો બગીચાની હાલત કેવી હશે ?

## ગૂમ થયેલ યુવકનો મૃતદેહ પાંચ દિવસ બાદ ગામની સીમમાંથી મળ્યો

જેતપુર, તા. ૭

સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાના જેતપુર ટોરડા ગામના ગુમ થયેલ યુવકની પાંચ દિવસ બાદ મૃતદેહ ગામની સીમમાંથી રવિવારના રોજ સવારે મળી આવ્યો હતો. જેથી પોલીસે સ્થળ પર જઈ કોહવાયેલો મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સિવિલમાં મોકલી પ્રાથમિક તબક્કે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. ખીમજીભાઈ સોરમાજી ખરાડીનો ૨૩ વર્ષીય પુત્ર દિનેશ કડિયા કામની મજુરી કરતો હતો જે ૧લી ઓક્ટોબરના રોજ રાત્રીના ૮ વાગે ઘરેથી આવુ છુ એમ કહીને નીકળેલો . રવિવારે એનો મૃતદેહ ગામની સીમમાંથી મળી આવતાં ભિલોડા પોલીસ મથકના પીએસઆઈ વી યુ ચાવડાએ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# રાયસીંગપુર ગામે બિમારીથી કંટાળી યુવાને આત્મઘાતનો પ્રયાસ કર્યો

હિંમતનગર, તા. ૭

સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાના રાયસીંગપુર ગામના એક પરણિત પુરૂષે શુક્રવારના રાત્રીના સમયે ઘરમાં બિમારીના કારણે ગળે ફાંસો ખાઈ લીધો હતો જેને સારવાર માટે ભિલોડા કોટેજ હોસ્પિટલમાં દાખલ કરેલ જયાંથી વધુ સારવાર માટે શનિવારના રોજ સાંજે હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં લવાયો હતો આ અંગે હિંમતનગર ટાઉન પોલીસ મથકે જાણ કરતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

વિગત મુજબ ભિલોડા તાલુકાના રાયસીંગપુર ગામના પરણિત ૪૦ વર્ષીય નવજીભાઈ છકરાભાઈ ખરાડી બિમારીથી પીડાતા હતા જેના કારણે શુક્રવારના રાત્રીના સમયે ૧૦ વાગે પોતાના ઘરમાં ગળે ફાંસો ખાઈ ગયેલ જે અંગે ઘરના સભ્યોને જાણ થતા તાત્કાલિક સારવાર માટે ભિલોડાની કોટેજ હોસ્પિટલમાં લઈ ગયેલ જયાંથી વધુ સારવાર માટે શનિવારના રોજ સાંજે હિંમતનગર સિવિલમાં સારવાર માટે લાવ્યા હતા જયાં સારવાર હેઠળ છે અને આ અંગે હિંમતનગર ટાઉન પોલીસ મથકે જાણ કરતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# ડીસામાં ગોપાલ સેના દ્વારા રક્તદાન કેમ્પ યોજાયો



ડીસા, તા. ૭

શ્રી ગોપાલ સેના બનાસકાંઠા-ડીસા દ્વારા રવિવારે ડીસાની વાઈબ્રન્ટ સ્કૂલ ઓફ સાયન્સ ખાતે રક્તદાન કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેમાં ૧૦૮ બોટલ રક્ત એકત્ર કરવામાં આવ્યું હતું. બનાસકાંઠા જિલ્લામાં સામાજીક, ધાર્મિક તેમજ સેવાકીય પ્રવૃત્તિઓમાં હરહંમેશ સૌને સાથે લઈને ચાલતી શ્રી ગોપાલ સેના બનાસકાંઠા-ડીસા દ્વારા સમાજના સાથ અને સહકારથી રવિવારે ડીસાની વાઈબ્રન્ટ સ્કૂલ ઓફ સાયન્સ ખાતે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. રક્તદાન કેમ્પને બનાસકાંઠા લોકસભા યુથ કોંગ્રેસ પ્રમુખ ડીસા વિધાનસભા યુથ કોંગ્રેસ પ્રમુખ અમરત દેસાઈ, જિલ્લા કોંગ્રેસ માલધારી સેલ કન્વીનર અમરતભાઈ દેસાઈ, પ્રદેશ ભાજપ કારોબારી સદસ્ય અમરતભાઈ , એનએસયુઆઈ પ્રમુખ મોતીભાઈ કમોડા, બાબુભાઈ ભોંકુ, પરબતભાઈ નાંણી, શૈલેષભાઈ સામઢી, વાહજીભાઈ, વિજય દેસાઈ સહિત સમાજના અગ્રણીઓની ઉપસ્થિતિમાં ખુલ્લો મુકવામાં આવ્યો હતો. રક્તદાન કેમ્પમાં યુવાનોએ ઉત્સાહભેર રક્તદાન કરતાં ૧૦૮ બોટલ રક્ત એકત્ર કરવામાં આવ્યું હતું. શ્રી ગોપાલ સેના દ્વારા ભણશાળી ટ્રસ્ટ સંચાલિત વોલન્ટરી બ્લડ બેંકની તમામનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. રક્તદાન કેમ્પને સફળ બનાવવા માટે ગોપાલ સેનાના અમરતભાઈ દેસાઈ (બાઈવાડા), જયેશ નોગોસ, સાગર ક્રિષ્ણા, મોતી વજાપુર સહિતના યુવાનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# કિશોરને સાપ કરડતાં મોત

હિંમતનગર, તા. ૭

સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાના કંથારિયા ગામે શનિવારના રોજ વહેલી સવારે ઘરે કિશોરને સાપે ડંખ દેતા કિશોરનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. આ અંગે હિંમતનગર સિવિલના ડોક્ટરે હિંમતનગર ટાઉન પોલીસમથકે જાણ કરતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

વિગત મુજબ શનિવારના રોજ વહેલી સવારે ૪.૩૦ વાગેના સુમારે કંથારિયા ગામે રહેતા લક્ષ્મણભાઈ ગામેતીના ઘરમાં સુઈ રહેલ ૧૭ વર્ષીય પુત્ર સુભાષને કોઈ ઝેરી જનાવરે ડાબા હાથની બીજી આંગળી પર ડંખ દીધો હતો. જેથી તેને તાત્કાલિક સારવાર માટે શામળાજી હોસ્પિટલ લઈ ગયેલ જ્યાંથી વધુ સારવાર માટે હિંમતનગર સિવિલમાં લાવતા સમયે મોત નીપજેલ જેથી બપોરેના ૧૨.૪૦ વાગે સિવિલના ડોકટર એલ.એમ. પ્રિયદર્શીએ મૃત જાહેર કરી હિંમતનગર ટાઉન પોલીસમથકે જાણ કરતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અધતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન